રજુ તારીખ : ૨૮/૦૨/૨૦૨૬
દાખલ તારીખ : ૨૮/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૬/૦૩/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૧૬

**આંક–**

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**પરચુરણ ફોજદારી અરજી નં.૪૦૯/૨૦૨૬**

---

**અરજદાર – લાલજીભાઈ ઉર્ફે કલ્પેશ રાજુભાઈ રાઠોડ,**
ઉ.વ.આ.૨૫, ધંધો–મજુરી,
ઠે. ખેડુતવાસ, હનુમાન દાદાના ઓટલા પાસે,
ભાવનગર.
હાલ : જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આર.બી.મહેતા.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.
મુળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી. એ.એસ.બાવાણી.

---

**:: જજમેન્ટ ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી તર્ફે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૪૦૯/૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૯(૬), ૩૨૪(૫), ૩૩૨(બી), ૩૫૧(૩), ૩૫૨(૩) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળાઓને નોટીસ કરતા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. તેમજ મુળ ફરિયાદી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદન નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. ફરિયાદ એક મહિનો અને પાંચ દિવસ મોડી કરવામાં આવેલ છે અને તે માટે કોઇ વ્યાજબી કારણ જણાવેલ નથી. આફટર થોટ ફરિયાદ છે. સામાન્ય છોકરાઓ પતંગ ચગાવતા હોવાની બાબતમાં બનાવ બનેલ છે અને સદર બનાવમાં કોઇ લુંટ થયેલ હોય કે બળપૂર્વક ધાક ધમકી આપેલ હોય કે નુકશાન કરેલ હોય તેવું બનેલ નથી. રાગધ્વેષ રાખી ખોટી ફરિયાદ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી કોઇ રીકવરી ડિસ્કવરી થયેલ નથી. અરજદાર/આરોપી તથા ફરિયાદી કાકા–દાદાના ભાઇઓ થાય છે અને ફરિયાદી તર્ફે આ કામે આંક–પ થી નો–ઓબ્જેકશન પુરસીસ રજુ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાથી તપાસને કોઇ નુકશાન થાય તેમ નથી. અરજદાર/આરોપી સામે કોઇ પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઇસમ નથી. ટ્રાયલ દરમિયાન સહેલાઇથી મળી આવે તેમ છે. અરજદાર/આરોપી ઉપર તેમના પરિવારની જવાબદારી છે. જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો તેમના કુટુંબનું જીવન અંધકારમય બની જાય તેમ છે. તેમજ અરજદાર/આરોપીને પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. નામ. કોર્ટ ફરમાવે તે તમામ પાલન કરવાની બાંહેધરી આપે છે. તે તમામ સંજોગોમાં, નામ. ઉચ્ચ અદાલત તથા સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ આ કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા

૨૦૨૩ ની કલમ–૩૦૯(૬), ૩૨૪(૫), ૩૩૨(બી), ૩૫૧(૩), ૩૫૨(૩) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. સદર ગુન્હાના કામના મૂળ ફરિયાદી હાજર રહી સમાધાનની હકીકત જણાવતા હોય, યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક–૦૩ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. આંક–૦૫ થી રજુ નો–ઓબ્જેકશન પુરસીસ વંચાણે લીધી. તેમજ આંક–૦૬ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૪૦૯/૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૯(૬), ૩૨૪(૫), ૩૩૨(બી), ૩૫૧(૩), ૩૫૨(૩) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. એફ.આઈ.આર. તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, સદર ગુન્હાના કામના ફરિયાદીના ઘરની પાછળ રહેતા અરજદાર/આરોપી લાલાજીભાઇ ઉર્ફે કલ્પેશ રાજુભાઇ રાઠોડના છોકરાઓ ફરિયાદીની અગાસીની પાળી ઉપર પતંગ ચગાવતા હોય, જેથી તેઓ પડે તો વાગી જાય, જેથી સારા આશયથી ફરિયાદીએ તેઓને અગાસીની પાળી ઉપર પતંગ નહી ચગાવવાનું કહેતા તેની દાઝ રાખી, અરજદાર/આરોપી લાલાજીભાઇ ઉર્ફે અલ્પેશે તલવાર લઇ આવી તથા આરોપી કમલેશ રાજુભાઇ રાઠોડે લોખંડના પાઇપ લઇ આવી તથા આરોપી સુરેશભાઇ કાવાભાઇ બારૈયાએ લાકડાના ધોકા સાથે ફરિયાદીના ઘરે આવી, ગાળો આપી, ઘરના દરવાજા પર હથિયારોના ઘા મારી, દરવાજો તોડી નાખી, મકાનમાં રહેલ સામાનની તોડફોડ કરી, ફરિયાદીના ઘરમાં તથા ફરિયાદીના ઘરની બાજુમાં રહેતા ફરિયાદીના ભાભી ગીતાબેન મુકેશભાઈ રાઠોડના ઘરમાં આશરે રૂા.૧,૦૦,૦૦૦/– થી વધુનું નુકશાન કરી, અરજદાર/આરોપીએ ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી , ગળાના ભાગે તલવાર રાખી દઈ, કબાટ ખોલતા તેની સાથેના આરોપી સુરેશભાઇ કાવાભાઇ બારૈયાએ ફરિયાદીના લોખંડના કબાટમાં રહેલ રૂા.૩૦,૦૦૦/– કાઢી લઇ, લુંટ કરી, ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, તેમજ સમાન ઈરાદો પાર પાડવા સારુ આરોપીઓએ જાહેરમાં

હથિયારો ધારણ કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાના આક્ષેપો છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે પરંતુ આ કામે મૂળ ફરિયાદી તરફે આંક–૦૫ થી રજુ કરવામાં આવેલ નો–ઓબ્જેકશન પુરસીસ તથા અરજદાર/આરોપી તરફેની રજુઆતો ધ્યાને લેતાં, મૂળ ફરિયાદી અને અરજદાર/આરોપી વચ્ચે સમાધાન થઇ ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને આ કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો કોઇ વાંધો કે તકરાર નહીં હોવાનું જણાવેલ છે. આ કામના અરજદાર/આરોપી સામે નોંધાયેલ ગુન્હાની તપાસ તથા ટ્રાયલ પૂર્ણ થવામાં સમય લાગે તેમ છે. તે સંજોગોમાં, હાલના અરજદાર/આરોપીને જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. વધુમાં, અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા જવાબદાર માણસ છે અને અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે. તેમજ અરજદાર/આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ ન હોવાનું અને કોર્ટ જે કાઇ શરતો ફરમાવે તેનું પાલન કરવાનું જણાવી, ટ્રાયલ સમયે હાજર રહેવાની ખાત્રી આપતા હોય, તેમજ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પણ યોગ્ય હુકમ કરવા જણાવેલ હોય, તે તમામ સંજોગોમાં, આ કામના અરજદાર/આરોપીનો રોલ તથા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ તથા અરજદાર/આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઇ તથા નામ. ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, હાલના તબકકે અરજદાર/આરોપીને શરતોને આધિન જામીન મુકત કરવાનું યોગ્ય અને વાજબી જણાય છે. જેથી અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી લાલજીભાઇ ઉર્ફે કલ્પેશ રાજુભાઇ રાઠોડ, હે. ખેડુતવાસ, હનુમાન દાદાના ઓટલા પાસે, ભાવનગરનાઓને ઘોઘારોડ

પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૪૦૯/૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૯(૬), ૩૨૪(૫), ૩૩૨(બી), ૩૫૧(૩), ૩૫૨(૩) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રુપિયા પચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે સીધી કે આડકતરી રીતે ચેડા કરવા નહીં કે સાક્ષીઓને ધાક ધમકી, પ્રલોભન કે લાલચ આપવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ કાયદો અને વ્યવસ્થા જાળવવી અને કોઈપણ ગુન્હાહિત કૃત્યમાં પોતાની જાતને સંડોવવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર તથા સંબંધિત અદાલત સમક્ષ પોતાનું કાયમી રહેણાંકનું સાચુ સરનામું રજુ કરવું અને અદાલતની પૂર્વ પરવાનગી વગર સરનામું બદલવું નહીં.

(૪) અરજદાર/આરોપીએ પોતાનો તથા જામીનદારનો મોબાઈલ નંબર સંબંધિત કોર્ટમાં આપવો અને તેમાં ફેરફાર થયેથી લેખિતમાં તાત્કાલિક કોર્ટને જાણ કરવી.

(૫) અરજદાર/આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૬) અરજદાર/આરોપી પાસે જો પાસપોર્ટ હોય તો તેઓએ અસલ પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ન હોય તો સોગંદનામાથી કોર્ટમાં જાહેર કરવું.

(૭) અરજદાર/આરોપીએ ચાર્જશીટ થતાં સુધી દર મહિનાની પહેલી અને પંદરમી તરીખે સંબંધિત પોલીસ સ્ટેશનમાં સવારે ૧૧–૦૦ થી બપોરના ૨–૦૦ સુધીમાં ત.ક.અમલદાર સમક્ષ અચુક હાજરી પુરાવવી.

(૩) અરજદાર/આરોપીએ નીચેની કોર્ટમાં જામીન આપવાના રહેશે.

(૪) આ હુકમની યાદી સંબંધિત અદાલત તથા પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ તા.૧૬'મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૬/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693